આ સંસારમાં ઉદ્યમ સિવાય કોઇ મિત્ર નથી અને આળશ સિવાય કોઇ શત્રુ નથી

- પંચતંત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૩, શુક્રવાર; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# લોકાયુક્ત મુદ્દે સરકારને વધુ લપડાક

## લોકાયુક્ત મુદ્દે ગુજરાતની રિવ્યુ પિટિશન સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા.૧૪

ગુજરાત સરકારને સુપ્રીમ કોર્ટમાં આજે લોકાયુક્તને મુદ્દે વધુ એક પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો કારણ કે ગુજરાત સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યુ પીટીશનને પણ આજે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટમાં લોકાયુક્તના મુદ્દે જ ગુજરાત સરકારની કારમી હાર થઈ હતી. સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાનું કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીએ સ્વાગત કર્યુ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ આરએ મહેતાની લોકાયુક્ત તરીકે વહેલીતકે નિમણૂંક કરવાની રજુઆત કરી છે. લોકાયુક્તના મામલે ગુજરાત સરકાર અને રાજ્યપાલ વચ્ચે ભારે ખેંચતાણ સ્પષ્ટપણે સપાટી પર આવી હતી.

મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકારતા ગુજરાત પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધન ઝડફિયા અને આ કેસમાં લડત આપનાર ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તથા જીપીપીના કોષાધ્યક્ષ દિપકભાઈ કિરતસાતાએ જણાવ્યું હતુ કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવકારવા દાયક છે. ગુજરાતમાં ભાજપ સરકાર છેલ્લા નવ વર્ષથી ભ્રષ્ટાચાર ચલાવી રહી હતી ભ્રષ્ટાચારનો ખુલ્લો પરવાનો મળી ગયો હતો. હવે સરાકરની પોલ ખુલી ગઈ છે. બંને નેતાઓએ કહ્યુ હતુ કે એક લાખ કરોડના દસ કૌભાંડ અને ૪૩ હજાર કરોડના કેગના અહેવાલથી બહાર આવેલી અનિયમિતતાઓ માટે જો સરકાર પ્રમાણિત રહી હોત તો નવ વર્ષ લોકાયુક્તની જગ્યા ખાલી રહી ન હોત. ભ્રષ્ટાચારના આરોપનો સામનો કરવા રાજ્યપાલે લોકાયુક્તની કરેલી નિમણૂંકને વધાવી લીધી હોત. છેલ્લા વર્ષમાં ભાજપ સરકારે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં લોકાયુક્તના મુદ્દાને લઈ જઈને કરોડો રૂપિયાનું આંધણ કર્યુ છે. પરંતુ આવો નિર્ણય કરનાર પાસેથી વ્યક્તિગત રીતે વસૂલ કરવા જોઈએ. ગુજરાત પરિવર્તન પાર્ટીએ પડકાર ફેંકતા જણાવ્યું છે કે રાજ્યના મુખ્યમંત્રી, મંત્રી મંડળ ગુજરાત મોડલ, પ્રામાણિત સરકારની પ્રશંસા કરે છે જેથી હવે તરત જ લોકાયુક્તની નિમણૂંક થવી જોઈએ અને કૌભાંડોની તપાસ સોંપવી જોઈએ.

## સ્વાઈન ફ્લુથી વધુ એક મહિલાનું મોત


ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી આજે વધુ એક મહિલાનું મોત નીપજતા આ રોગથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪ પર પહોંચી છે. આ રોગમાં અત્યાર સુધીમાં મરણ પામનાર તમામ દર્દીઓ મહિલાઓ છે.


આજે ગાંધીનગર શહેરની એક આધેડ વયની મહિલાનું સ્વાઈન-ફ્લુની અમદાવાદ ખાતેની સારવાર દરમ્યાન મોત થયાના અહેવાલને પગલે આરોગ્યતંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગાંધીનગર શહેરની મહિલા હતી અને તેણીનીને સારવાર માટે પહેલાં ખાનગી હોસ્પિટલમાં અને પછીથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ જ્યાં તેણીની અંતિમ શ્વાસ લીધા હતા. જિલ્લામાં સ્વાઈન ફ્લુના અત્યાર સુધીમાં ૧૬ કેસ નોંધાયા છે. જે પૈકી સાત દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. સ્વાઈન ફ્લુના મળી આવેલા દર્દીઓની સંખ્યા જે રીતે છુટી છવાઈ રીતે વધી રહી છે તેનાથી તંત્ર ચિંતીત બનેલ છે. ગરમીનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે અને સાંજે જે રીતે હવામાં ભેજનું પ્રમાણ વધી રહ્યું છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં આ સિઝનમાં સ્વાઈન ફ્લુથી જે ચાર દર્દીના મોત થયા છે તેમાં ગાંધીનગરની બે, માણસાની એક અને કલોલ તાલુકાની એક મહિલાનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુથી પ્રથમ મોત આ સિઝનમાં થયું છે.



## પુંછડીયો તારો બન્યો આકાશનું આકર્ષણ



આખુ શહેર જ્યારે ઘેરી નીંદરમાં પોઢી જાય અને શાંતિનો સ્પર્શ થાય ત્યારે મધરાતે ઘરની બહાર નીકળી ખુલ્લા આકાશ તરફ મીટ માંડવી... હજારો-લાખો તારાઓ, ગ્રહો અને ચંદ્રની અદ્ભૂત ગતિવિધિઓના દર્શન આપણને થઈ જ જાય હાલમાં જ્યારે આકાશ એકદમ સ્વચ્છ છે ત્યારે મધરાત બાદ સર્જાતા એક અદ્ભૂત નજારાને માણવાનું ચુકાય તેમ નથી. તાજેતરમાં જ જેને ખગોળશાસ્ત્રીઓએ શોધી કાઢ્યો છે તે C/2011L૪ નામનો પુંછડીયો તારો નરી આંખે કે નાના ટેલીસ્કોપની મદદથી જોઈ શકાય છે. ધ્રુવના તારાની નજીક સરકી રહેલો આ પૂંછડીયો તારો ૨૭મી માર્ચ સુધીમાં જોઈ શકાશે. તે પછી તે દૂર ચાલ્યો જશે.

## શાળા-આરોગ્ય માટે ગયા વર્ષે ગાંધીનગર જિલ્લામાં ૧૬ કરોડનો ખર્ચ : નિતીન પટેલ

### ૧૫૮ બાળકોને હૃદય, ૪૬ને કિડની અને ૧૩ બાળકોને કેન્સર બે વર્ષમાં તપાસ દરમ્યાન જણાઈ આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી માટે ગત વર્ષે રૂ. ૧૬ કરોડનો ખર્ચ બાળકોની સારવાર સહિતની કામગીરી માટે થયો હતો તેમ રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલે આજે ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન જણાવ્યું હતું.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું હતુંકે છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લામાં કુલ ૭,૨૩,૭૮૫ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

આ તપાસ દરમ્યાન પાંડુરોગના ૧૯,૪૮૦, આંત્રકૃમિના ૧૨,૬૧૫, દાંતની તકલીફના ૩૭૮૫, પેટની તકલીફ ૧૫૮૭, ચામડીના રોગ ધરાવતા ૨૪૦૮, શ્વસનતંત્રના રોગ ધરાવતા ૭૬૨, ચેતાતંત્રના રોગ ધરાવતા ૨૪, અસ્થિતંત્રના રોગ ધરાવતા ૪૬, વિકલાંગતા ધરાવતા ૧૯૩, હૃદયની બિમારી ધરાવતા ૧૫૮, કિડનીની બિમારી ધરાવતા ૪૬ અને ૧૩ બાળકોને કેન્સર હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# આજે પંચાયતની ખાસ સામાન્ય સભા

### ૨૦૧૩-૧૪ના બજેટમાં વિકાસનો અભિગમ : દેવામાં ઘટાડો કરી કરકસરીયા વહીવટનો નિર્દેશ : સ્વભંડોળમાંથી નવા કામો સૂચવાશે : સરકારી સેવામાંથી પણ વધારે ગ્રાન્ટ મેળવવા પર વિશેષ ભાર અંદાજપત્રમાં

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે ખાસ સામાન્ય સભા બપોરે ૨ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ ખાસ સામાન્ય સભામાં વર્ષ-૨૦૧૩-૧૪નું અંદાજપત્ર તથા વર્ષ-૨૦૧૨-૧૩નું સુધારેલું અંદાજપત્ર, મનરેગાનું લેબર બજેટ તેમજ કેટલીક વહીવટીય કામગીરીઓ હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતનું સતત ત્રીજીવાર અંદાજપત્ર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલ રજુ કરશે. આ અંદાજપત્રમાં પંચાયત પ્રમુખશ્રી દ્વારા વિકાસલક્ષી કામોને અગ્રતા આપી અને વિકાસને વધુ વેગીલો બનાવવા પર ભાર મુકશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે સ્વભંડોળમાંથી ચાલુ વર્ષની તુલનામાં રૂ. ૩ કરોડનો વધુ ખર્ચ દર્શાવ્યો છે અને તેમણે વિકાસને નવી દિશામાં વાળવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે પ્રમુખશ્રીએ જાહેર દેવામાં ઘટાડો થાય તે માટે કરકસરયુક્ત વહીવટ પર ભાર મુક્યો છે અને એટલે જ તેમણે દેવામાં રૂ. ૯૦ લાખ સુધીનો ઘટાડો થાય તે રીતે આયોજન પર ભાર મુક્યો છે. આંકડા નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૨-૧૩માં જાહેર દેવાની આવક રૂ. ૪૪૦.૪૦ લાખ હતી તે ઘટાડીને આગામી વર્ષે રૂ. ૩૫૭.૧૫ લાખ સુધી જ સિમીત રાખવાનો મહત્વનો નિર્ણય તેમણે લીધો છે.

દેવામાં ઘટાડો કરી અને કરકસરભર્યોવહીવટ તેમજ સ્વભંડોળમાંથી નવી યોજનાઓ માટે રૂ. ૩ કરોડનો વધારો સૂચવ્યો છે જે પંચાયતની આર્થિક સ્થિતિ સુધારણા બતાવે છે તેવું નાણાંકીય બાબતોના નિષ્ણાંતોનું માનવું છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીની આચારસંહિતાના અમલને કારણે વિકાસના કામો પર વિપરીત અસરો પડી છે અને તેથી આ કામોમાં વેગ આવે તેના પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતમાં લીફટની વ્યવસ્થા ઉભી કરવા માટે પણ અંદાજપત્રમાં જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત કુપોષણને નાથવા માટે ચ્યવનપ્રાસ બાળકોને શિયાળામાં આપવાની યોજનાને વધુ સુદઢ બનાવવાનું આયોજન પણ વિચારવામાં આવ્યું છે. પંચાયતની આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારણા માટે પણ કેટલાક મહત્વના પગલાંઓ સૂચવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની આજની આ ખાસ બેઠકમાં મનરેગાના લેબર બજેટમાં પણ રાજીવગાંધી નિર્માણ કેન્દ્રો ૨૨ ગામોમાં બનાવવા ઉપરાંત નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત શૌચાલયોની સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં ઉપલબ્ધ બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

સરકારી સેવામાંથી વધુ નાણાં મેળવી સરકારની ગ્રાન્ટ વધુ મેળવવા માટે પણ ભાર મુકવામાં આવ્યો છે.

આ બેઠકમાં સમિતિમાંથી રાજીનામુ આપનાર શ્રી અજીતસિંહ રાઠોડનું રાજીનામું મંજૂર કરવા ઉપરાંત કેટલીક વહીવટીય કામગીરીઓ પણ હાથ ધરવામાં આવશે.

આ ખાસ સામાન્યસભા હોવાથી પ્રશ્નોત્તરી કાળ રાખવામાં આવ્યો નથી.



આનંદનો ગરબો - પંચદેવ મંદિરના પ્રાંગણમાં યોજાયેલ આનંદના ગરબામાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી હતી. આજકાલ આનંદના ગરબાનો મહિમા વધતો જાય છે... મહિલાઓ ભાવપૂર્વક માતાજીના ગુણગાન ગાય છે... વિવિધ રાગ અને વિવિધ ઢાળમાં ગવાના મા-બહુચરાના ગુણગાન શ્રદ્ધાને વધુ વજનદાર બનાવે છે. પંચદેવ મંદિરના ભાવિકો દ્વારા યોજાયેલ આનંદના ગરબાએ ભાવપૂર્ણ માહોલ સર્જ્યો હતો. (તસવીર : દિપક જાની)

# ૨૦મી માર્ચ બુધવારે દિવસ-રાત સરખા

ગાંધીનગર, તા. ૧૪

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦મી માર્ચ (બુધવારે) દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧મી ગુરૂવારથી દિવસ લંબાતો જાય છે. અને તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે.

તા. ૨૦મી માર્ચ બુધવારે દિવસ ૧૨ કલાક ને ૭૪ મિનિટનો રાત્રિ ૧૧ કલાકને ૫૬ મિનિટ રહેશે. સૂર્યોદય સવારે ૬ કલાક ૪૫ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૪૯ મિનિટે થશે. તા. ૨૦મી માર્ચ પછી ઉત્તરોત્તર દિવસ લાંબો થતો જશે. સરખા દિવસ માટે પાંચથી સાત મિનિટનો તફાવત રહે છે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે. ૨૦મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે તા. ૨૧મી સપ્ટેમ્બરના દિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૦મી માર્ચે સૂર્યની આકાશી વિષયવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા હોય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતુ જાય છે. વિષયવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષયવૃત્તીને છેદે છે તેને વસંત સંપાત કહે છે. વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથુ સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતાં હોવાથી સૂર્યના સીધાં કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જ્યારે ૨૧મી જૂન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયન કહે છે.

દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા, સૂર્ય તરફ પૃથ્વીનો ઝુંકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે. જે સતત બદલાતા રહે છે. આથી દિવસ-રાતની લંબાઈમાં દસ મિનિટનો તફાવત સ્વભાવિક માન્ય ગણાય છે. અંતમાં બુધવાર તા. ૨૦મી મે દિવસ-રાત સરખા ખગોળીય ઘટના માણવા જાથાએ અપીલ કરી છે.


**તાત્કાલિક સ્ટાફ જોઈએ છે**

- મીકેનીક અનુભવી-બીન અનુભવી
- હેલ્પર
- સેલ્સ એક્ઝીક્યુટીવ મેલ
- ઓફીસ બોય કમ સ્વીપર
- સેલ્સ રીસેપ્શનીસ્ટ મેલ-ફીમેલ અનુભવી-બીન અનુભવી

**ખુશ્બુ ઓટો એજન્સી**

પ્લોટ નં. ૨૮-બી, જીટીએસ રોડ, સેક્ટર-૩૦
૦૭૯-૨૩૨ ૬૧૪૫૭, મો. ૯૪૨૬૦ ૪૮૫૨૧

